# ભારતીય દર્શનશાસ્ત્ર

## સરળભાષામાં ટૂંકસાર

**सामां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ।**

સર્વ અજ્ઞાનનો નાશ કરનારાં એવાં
દેવી સરસ્વતી મારું રક્ષણ કરો.

**ડૉ. કિરીટ સી. વ્યાસ**



# Bharatiya Darshan Shastra

**(Gujarati)**

**Author: Dr. Kirit C. Vyas**

# ભારતીય દર્શનશાસ્ત્ર

**લેખક : ડૉ. કિરીટ  સી. વ્યાસ**

First Edition: 2017, Copy: 500, Price: Rs. 200/-
પહેલી આવૃત્તિ : ૨૦૧૭,પ્રત : ૫૦૦, કિંમત : રૂ.૨૦૦/-

**ISBN: 978-93-5996-177-4**

Publisher:

**Bharati Kirit Vyas**

10 Green Park, Bhavanipura-2, Nizampura,
Vadodara 390002, Gujarat, INDIA
Ph: +91-98250-27333
email : kiritvyas46@gmail.com
web site : www.kiritvyas.com

Front & Back cover Paintings
**By Dr. Kirit C. Vyas**

All Rights Reserved

**બુક ડિઝાઈન - ભારતી કિરીટ વ્યાસ**

**સર્વ હક્ક સ્વાધીન**

**Rakesh Printery**

115-A, Karelibaug Industrial Estate
Karelibaug, Vadodara 390018
Gujarat, INDIA
Ph: 0265-2460026

**Books are available on amazon**

# પ્રસ્તાવના

વિશ્વમાં પ્રવર્તતા નિયમોના સિદ્ધાંતોનું જ્ઞાન ઋષિમુનિઓએ, તત્ત્વચિંતકોએ ધ્યાન, સ્મૃતિ અને શ્રુતિ દ્વારા મેળવેલું. ભારતનું આ આધ્યાત્મ જગત અદ્વિતીય, અતુલનીય છે. જે આ જગતના અંગત રહસ્યોથી ભરેલો જ્ઞાનનો મહાસાગર છે, એમાં ડૂબકી મારનાર કદી નિરાશ થતો નથી. આમાં જીવવાની રીત દરેક સ્તરના વ્યક્તિઓ માટે સમજાવેલી છે. પ્રાચીનકાળથી ભારતની ભૂમિ પર ત્રણ, હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મોએ લાખો મનુષ્યોમાં ધાર્મિક નવચેતના રેડવામાં સફળ નીવડ્યા છે. દરેક ધર્મોએ જીવનનાં પરમ સત્યો પોતપોતાની વિચારધારા પ્રમાણે સરળતાપૂર્વક, સરળ ભાષામાં રજૂ કર્યા છે.

આ ધર્મોના બે ભાગ પાડ્યા. આસ્તિકવાદ અને નાસ્તિકવાદ. ઈશ્વર અને વેદોમાં માનનારા અને એનાં જ્ઞાનમાંથી ઉદ્દભવેલા શાસ્ત્રો આસ્તિકવાદ કહેવાયા. એમાં વેદ, ઉપનિષદો, દર્શનશાસ્ત્રો, ગીતા, ઉપશાસ્ત્રો એટલે રામાયણ, મહાભારત, પુરાણો, સ્મૃતિ, તંત્ર વગેરે ગણાય છે. જ્યારે જૈન, બૌદ્ધ અને ચાર્વાક ઈશ્વર અને વેદોમાં ન માનનારા હોવાથી નાસ્તિકવાદમાં ગણાયા.

હિંદુ ધર્મની ઉત્પત્તિ વેદોમાંથી થઈ છે. વેદોમાંથી ઉપનિષદો, વેદાંત, દર્શનશાસ્ત્રો, ગીતા વગેરે અસંખ્ય શાસ્ત્રો અસ્તિત્વમાં આવ્યા. પ્રાચીન સમયથી ઉપનિષદોને વેદાંત તરીકે માનવામાં આવે છે. વેદાંત એટલે જે જ્ઞાન જાણ્યાં પછી આગળ કશું જાણવા જેવું રહેતું નથી. વેદ વ્યાસે શ્રીમદ્ ભગવદ્ગીતામાં ઉપનિષદોનો સાર કુશળતાપૂર્વક સમજાવ્યો. અત્યારે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર(ઉત્તરમીમાંસા) અને શ્રીમદ્ ભગવદ્ગીતાને હિંદુ ધર્મના પાયારૂપ શાસ્ત્રો(પ્રસ્થાનત્રયી) ગણવામાં આવે છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ ઈશ્વરતત્ત્વને સૃષ્ટિનાં સર્જનહાર તરીકે સ્વીકારતું નથી. જૈન ધર્મ જગત જીવ અને અજીવનું બનેલું છે અને અનાદિ છે, એમ માને છે. જૈન ધર્મ માને છે કે સાધના દ્વારા સિદ્ધ, મુક્ત, સર્વજ્ઞ અને આનંદમય અવસ્થા સિદ્ધ થાય છે, જે તીર્થંકરોએ બતાવેલો માર્ગ છે. જૈન ધર્મે આચારમાં અહિંસા આપી, વિચારમાં અનેકાંત આપ્યો, વાણીમાં સ્યાદ્વાદ સ્વીકાર્યો અને સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. બુદ્ધે હિંદુ ધર્મના આધ્યાત્મિક માર્ગને નવું સ્વરૂપ આપ્યું હતું. એમને પોતાનું ધ્યાન જાતિભેદ વગરના ધર્મ નિરપેક્ષતા અને નૈતિકતા પર વધારે કર્યું હતું. જીવનમાં પ્રેમ અને કરૂણા પર વધારે ભાર મૂક્યો હતો. એમને હિંસા અને જાતિભેદ સિવાય પહેલેથી ચાલી રહેલ માન્યતા, રિવાજ સામે કોઈ વાંધો

ન હતો. એમનાં જીવન દરમ્યાન આ ધર્મ સ્વીકારનારા એમના જેવા હિંદુઓ જ હતા. બૌદ્ધ ધર્મ હિંદુ ધર્મ સામેનો બળવો ન હતો.

ચાર્વાકમત સિવાય બાકીના તમામ દર્શનશાસ્ત્રોમાં કેટલાંક તફાવત હોવા છતાં પણ કેટલાંક મૂળભૂત લક્ષણો કે તત્ત્વો સરખા રહેલાં છે. તમામ વિચારધારા અન્યશાસ્ત્રોના વિચારો અને મતો સ્વીકારવાની ઉદારતા ધરાવે છે. તમામ પરંપરા સ્વીકારે છે કે, જગતમાં સઘળું નિયમબદ્ધ છે. કશું જ સ્વૈરવિહારી કે મનસ્વી નથી. પુનર્જન્મનો અને જન્મજન્માંતરોની વાસનાઓનો સ્વીકાર કરે છે અને માને છે કે અવિદ્યા/અજ્ઞાન દૂર કર્યા વગર મોક્ષ શક્ય નથી.

વાસ્તવમાં આ આધુનિક યુગમાં દરેક વ્યક્તિ સંગ્રામમય જીવન જીવે છે, એટલે આધ્યાત્મિક પાંડિત્ય સભર, ગૂંચવણ ભરેલું જટિલ વાંચન માટે ન તો રસ કેળવી શકે છે કે, ન તો સમય ફાળવી શકે છે. દરેક ભારતીય સ્વીકારે છે કે ભારતીય દર્શનશાસ્ત્રો મહાન છે અને એમાંથી જીવનના દરેક પ્રશ્નોનો હલ મેળવી શકાય છે. પ્રભાવિત થવું એક વાત છે, પણ સમજવું અને અનુભવવું તે બીજી વાત છે. જ્યાં સુધી જ્ઞાનની અનુભૂતિ જીવનમાં ન થાય ત્યાં સુધી એ જ્ઞાન પાંડિત્ય બતાવવા સિવાય કોઈ પણ રીતે ઉપયોગી નીવડતું નથી. અત્યારે જરૂર છે ભારતીયદર્શનના સિદ્ધાંતોના મૂળને સમજવાનો પ્રયાસ કરવાની. જ્ઞાનનો હેતુ સમજી, મર્મ જાણવો અને તમન્ના અને ધૈર્યથી જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવો એ જ અગત્યનું છે. ગમે તેટલી ગુહ્ય બાબત પણ, વાદવિવાદ અને પંડિતાઈ ત્યજી, સરળતાથી સમજાય એવી શૈલીમાં લખવાથી, સામાન્ય વ્યક્તિમાં એનાં પ્રત્યે રસ જગાડવા માટે ચિનગારી રૂપ બની શકે છે. જ્ઞાનનો સંબંધ સત્યની સાથે હોવો જરૂરી છે, કોણે કહ્યું, ક્યારે કહ્યું, ઈત્યાદિ સવાલો મોટે ભાગે અસ્થાને હોય છે. જો સામાન્ય વ્યક્તિ જ્ઞાનના સારને સમજીને જીવનમાં ન ઉતારી શકે તો, એ આધ્યાત્મિક જ્ઞાનનું સામાન્ય જીવનમાં બહુ મહત્વ રહેતું નથી.

આ લેખનનો મૂળ ઉદ્દેશ્ય ભારતીયદર્શન શાસ્ત્રોના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી સરળ ભાષાકીય શૈલીમાં ટૂંકસાર આપવાનો છે. આશા છે કે આ કાર્ય સાંસ્કૃતિક પ્રકાશને ઝળહળતું રાખવા નાના પ્રકાશરૂપી કોડિયાની ગરજ સારશે. સામાન્ય વ્યક્તિના જીવનમાં ભારતીય દર્શનશાસ્ત્ર પરત્વે રસ ઉત્પન્ન કરવા ચિનગારી બની શકે તો આ લેખનનો હેતુ સિદ્ધ થયો ગણાશે. યુવા પેઢી આ થકી આ લેખનમાં કાંઈક રુચિ અનુભવશે અને પૂર્વજન્મના સંસ્કારોના ઉદય માટે કારણભૂત બનશે તો અવશ્ય દૈવકૃપા લેખાશે.

દરેક વ્યક્તિએ પોતે પોતાનાં ગુરુ બનવું પડશે. જગતમાંથી મળેલી શિખામણો, સંસ્કારો, વિચારો વગેરેની ભૂતાવળોના બંધનમાંથી બહાર નીકળવું પડશે. જેટલા બંધનો ઓછા થશે તેમ વિચારોના અંતરિક્ષમાં ઉડાન કરવાની ઝડપ વધશે અને સત્ય થકી ઝળહળતો પ્રકાશ માર્ગદર્શક બનશે. જ્ઞાન વગર અવિદ્યા/અજ્ઞાનતા દૂર નહીં થાય.બાહ્યગુરુ જ્ઞાન અને સિદ્ધાંત આપી શકે પણ મોક્ષ તો દરેક મનુષ્યે પોતાના પ્રયત્નોથી જ પ્રાપ્ત કરવો પડે છે, આમાં કોઈ શોર્ટકટ નથી.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | દર્શનશાસ્ત્ર | ૧૨ |
| ૨. | વૈશેષિક અને ન્યાય દર્શન | ૨૮ |
| ૩. | પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા | ૩૪ |
| ૪. | સાંખ્યદર્શન | ૪૬ |
| ૫. | યોગદર્શન | ૬૭ |
| ૬. | ગીતાસાર | ૧૧૪ |
| ૭. | જૈન ધર્મ | ૧૪૦ |
| ૮. | ચાર્વાકદર્શન | ૧૮૨ |
| ૯. | બૌદ્ધ ધર્મ | ૧૮૮ |
| ૧૦. | સમાધિપાદ | ૨૧૬ |
| ૧૧. | સાધનપાદ | ૨૫૦ |
| ૧૨. | વિભૂતિપાદ | ૨૮૫ |
| ૧૩. | કૈવલ્યપાદ | ૩૧૭ |

# દર્શનશાસ્ત્ર

હિંદુધર્મની ઉત્પત્તિ વેદોમાંથી થઈ છે. આ જ્ઞાન ઋષિમુનિઓએ ધ્યાન, સ્મૃતિ અને શ્રુતિ દ્વારા મેળવેલું છે. જુદા જુદા સમયે પુરાતન કાળમાં ઋષિમુનિઓએ જગતના જે રહસ્યમય સિદ્ધાંતો શોધી કાઢયા, એ સંગ્રહોને વેદનું નામ આપવામાં આવ્યું. વેદોમાંથી ઉપનિષદો, વેદાંત, દર્શનશાસ્ત્રો, ગીતા વગેરે અસંખ્ય શાસ્ત્રો અસ્તિત્વમાં આવ્યા. જે આ જગતના ગૂઢ રહસ્યોથી ભરેલો જ્ઞાનનો મહાસાગર છે. આ ભારતની ઝળહળતી પ્રતિભા સમાન છે. આ મહાસાગરમાં ડૂબકી મારનાર કદી નિરાશ થતો નથી; યોગ્યતા મુજબ એને કોઈને કોઈ મોતી કે રત્નો હાથ લાગે છે.

આ જડ જગતને નિયમમાં રાખનાર નિયમો, તેમજ ચૈતન્ય વિશ્વમાં પ્રવર્તતા નિયમોના સિદ્ધાંતો, કાળ અને સ્થાનને આધીન નથી. એ અનાદિ કાળથી ચાલ્યા આવે છે. ભારતનું આ અધ્યાત્મ જગત અદ્વિતીય, અતુલનીય છે. આ આલેખાયેલું  જ્ઞાન સનાતન એટલે શાશ્વત છે. જે સમય સાથે બદલાતું નથી. આ આધ્યાત્મજ્ઞાન હિમાલયથી નીકળતી સિંધુ નદીને કિનારે શરૂ થયેલી સંસ્કૃતિના ફળસ્વરૂપ છે. આમાં જીવવાની રીત દરેક સ્તરના વ્યક્તિઓ માટે સમજાવેલી છે. મનુષ્ય જન્મ દુર્લભ છે. એને સાર્થક કરવું એ આપણા હાથમાં છે. આ અટપટું જ્ઞાન પણ દાખલા આપી, સંવાદરૂપે સરસ રીતે સમજાવ્યું છે. એ સમજીને  જીવનમાં ઉતારવાની જરૂર છે.

હિંદુધર્મમાં દરેક સ્તરના વ્યક્તિઓ માટે આત્માની ઉન્નતિનો માર્ગ બતાવ્યો છે. મનુષ્યનો જન્મ સાર્થક કરવા શરૂઆત તો કરવી જ પડશે, જે આપણા હાથમાં છે. કેટલી ઝડપથી આગળ પ્રગતિ થાય,  એ પૂર્વજન્મોના સંસ્કારો અને આ જન્મના અભ્યાસ અને પ્રયત્નોની તીવ્રતા ઉપર આધાર રાખે છે. ઉપનિષદોમાં મોક્ષ મેળવવા, સાક્ષાત્કાર કરવા માટે જુદા જુદા માર્ગો બતાવ્યા છે. એનો મુખ્ય ઉદ્દેશ્ય જીવનમાં ઉદ્દભવતા મહત્વના પ્રશ્નોનું નિરાકરણ લાવવું, માર્ગદર્શન આપવુ અને દરેક લાયકાતની વ્યક્તિઓ માટેના માર્ગ બતાવવા. આ શાસ્ત્રો ચાર સવાલોને ધ્યાનમાં રાખીને લખાયેલા છે. દુઃખ છે જે તજવાલાયક છે. દુઃખની ઉત્પત્તિનું કારણ છે, જેને નિવારવું જોઈએ. એવી અવસ્થા છે જ્યાં દુઃખનો કાયમ અભાવ રહે છે? એવી અવસ્થામાં જ્યાં દુઃખનો અભાવ છે, ત્યાં પહોંચવાનું સાધન શું છે?

દર્શનશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ્ય જીવનમાં ઉદ્દભવતા મહત્ત્વના પ્રશ્નોનું નિરાકરણ લાવવું કે સાધકને માર્ગદર્શન આપવા માટે હોય છે.

૧. હેય : ત્યાજ્ય, તજવા લાયક : જીવનમાં તજવા લાયક કંઈ પણ હોય તો તે છે ભવિષ્યમાં આવનારું દુઃખ. કર્મના ફળસ્વરૂપ ભૂતકાળનું દુઃખ ભોગવી ચૂક્યા છીએ અને હાલનું દુઃખ ભોગવી રહ્યાં છીએ. તજી શકાય એવું ફક્ત ભવિષ્યમાં આવનારું દુઃખ છે.
૨. હેયહેતુ : ઉત્પત્તિનું કારણ : ભવિષ્યમાં આવનાર દુઃખને દૂર કરવા માટે તેનું ઉત્પત્તિનું કારણ શોધવું જોઈએ. તો જ તેનું નિવારણ શોધી શકાય.
૩. હાન : અભાવ, દુઃખનો અભાવ : આ સાથે એ પણ જાણવું જરૂરી છે કે એવી કેવી અવસ્થા છે જ્યાં દુઃખનો કાયમ અભાવ હોય. આ અવસ્થા જાણ્યાં પછી જ એ કક્ષાએ પહોંચવા પ્રયત્ન કરી શકાય.
૪. હાનોપાય : પૂર્ણ દુઃખના નિવારણનું સાધન : દુઃખના અભાવની અવસ્થા જાણ્યાં પછી એને કેવી રીતે મેળવવી અને એ અવસ્થામાં કાયમ કેવી રીતે રહેવું. એટલે આ અવસ્થા માટે ઉપાય કે સાધન શું છે. દુઃખ દૂર કરવા અને એનાં અભાવમાં રહેવું એટલે મોક્ષને પ્રાપ્ત કરવું. ટૂંકમાં મોક્ષ પામવા માટે ઉપરના ચાર વિષયો સમજવા જરૂરી છે.

જીવનના ચાર મહત્ત્વના પ્રશ્નો હેય, હેયહેતુ, હાન અને હાનોપાયને સમજાવવા અને મુખ્ય ત્રણ તત્ત્વો સત્ત્વ, રજસ્ અને તમસ્‌ને સમજાવવા, છ દર્શનશાસ્ત્ર 'ષડદર્શન' મુખ્ય છે. મીમાંસા, વેદાંત, ન્યાય, વૈશેષિક, સાંખ્ય અને યોગ. આ ષડદર્શનની ઉત્પત્તિ વેદોમાંથી જ થઈ છે.

સનાતન ધર્મમાં વેદોનું મહત્ત્વ ઘણું જ છે. પ્રથમ ઋગવેદ અસ્તિત્વમાં આવ્યો. જેમા ૧૦,૫૫૦ મંત્રો આપેલા છે. એમાથી આશરે પાંચ હજાર વર્ષ પૂર્વે સામવેદ અને યજૂર્વેદ અસ્તિત્વમાં આવ્યા. સામવેદમાં ૧૮૮૫ મંત્રો અને યજૂર્વેદમાં ૧૯૭૫ મંત્રો આપેલા છે. અથર્વવેદમાં ૫૯૮૭ મંત્રો આપેલા છે. આ મંત્રો ધ્યાન દ્વારા, સ્મૃતિ(સ્મરણ) અને શ્રુતિ(ધ્વનિ, સાંભળેલું) દ્વારા, ઋષિમુનિઓએ મેળવેલું જ્ઞાન છે. આ ધર્મનો કોઈ એક સ્થાપક નથી. ઘણાં બધા ઋષિમુનિઓએ મેળવેલું જ્ઞાન આલેખાયેલું છે. સનાતન એટલે કહેવાય છે કે એ શાશ્વત છે. સમય સાથે બદલાતું નથી.

વેદોમાં આપેલા મંત્રોમાંથી ૯૦% મંત્રો જુદી જુદી વિધિઓ બતાવે છે. જેને કર્મકાંડ કહેવામાં આવે છે. બાકીના ૧૦% સંન્યાસીઓ અને જ્ઞાનીઓ માટે મોક્ષ કેમ પામવું એનું જ્ઞાન આપેલું છે જે જ્ઞાનકાંડના નામે ઓળખાય છે.

**કર્મકાંડમાં મંત્રો મુખ્યત્વે ત્રણ પ્રકારના છે.**

૧. સંહિતા, ૨. બ્રાહ્મણમંત્રો(બ્રાહ્મણા), ૩. આરણ્યકમાર્ગ

સામાન્ય રીતે મનુષ્યો બે પ્રકારના કર્મો કરે છે.

૧.પૂર્ત કર્મો , ૨. ઈષ્ટ કર્મો

આ બંને કર્મોના ત્રણ પ્રકાર છે.
૧. નિત્ય કર્મ, ૨. નૈમિત્તિક કર્મ , કામ્યકર્મ

**જ્ઞાનકાંડ :**

જ્ઞાનકાંડમાં મંત્રો મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલા છે.
૧. ઉપાસનાકાંડ,૨.જ્ઞાનકાંડ, ૩. મીમાંસા-પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા.

જ્ઞાનકાંડના મંત્રોમાંથી અનેકાનેક ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યા. ઉપ એટલે નજીક અને નિષદ એટલે બેસવું. ઉપનિષદ એટલે જે જ્ઞાન ઈશ્વરની નજીક લઈ જાય તે. મોટાભાગના ઉપનિષદો સમય સાથે લુપ્ત થયાં છે. હાલ ૧૦૦ જેટલા ઉપનિષદો ઉપલબ્ધ છે. તેમાંથી લગભગ ૧૨ ઉપનિષદ મુખ્ય ગણાય છે. જેનાં પર જગદ્‌ગુરુ આદિશંકરાચાર્યે ભાષ્ય (commentary) લખ્યું છે. બૃહદ અરણ્યકમ્ ઉપનિષદ સૌથી મોટું અધિકૃત અને પ્રમાણભૂત ગણાય છે. કઠોપનિષદ્‌ના ઘણાં વિચારો શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં વણી લેવાયા છે. ઈશોપનિષદ સૌથી નાનું છે. જેમાં ફક્ત ૨૦ શ્લોકો છે. બૃહદરણ્યકમ્, ઈશા, કેન, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, કઠ, શ્વેતશ્વતર, પ્રણવ, બિંદુ વગેરે ઉપનિષદો છે. આ જ્ઞાન વેદાંતના નામે ઓળખાય છે. વેદ એટલે જાણવું અને વેદાંત એટલે જે જ્ઞાન મેળવ્યા પછી આગળ કશું મેળવવાનું રહેતું નથી. એટલે આને પ્રસ્થાનત્રયી પણ કહે છે. એટલે કોઈ પણ પ્રકારના જ્ઞાનનું સ્થાન આનાથી ઊંચું ન હોઈ શકે.

ઉપનિષદોના જ્ઞાનમાં મુખ્યત્વે ત્રણ વિષયો આવરી લેવાયા છે.
૧. તર્કવાદ એટલે Logic, વિચાર કે દલીલ કરવાની પ્રક્રિયા
૨. સાંખ્ય એટલે પૃથક્કરણ, મનોવિશ્લેષણ, Analysis
૩. મીમાંસા એટલે જિજ્ઞાસા, ચર્ચા વિચારણા કરી કોઈ નિષ્કર્ષ પર આવવું.

આના ઉપરથી છ દર્શનશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યા:
તર્કવાદમાંથી બે દર્શનશાસ્ત્રો બન્યા.
૧. વૈશેષિક-કણાદમુનિએ રચ્યું. ૨. ન્યાય-ગૌતમમુનિએ રચ્યું.
સાંખ્યજ્ઞાનમાંથી બે દર્શનશાસ્ત્રો તૈયાર થયાં.
૧. સાંખ્ય જે કપિલમુનિએ રચ્યું. ૨. યોગ પતંજલિમુનિએ રચ્યો.
મીમાંસામાંથી બે દર્શનશાસ્ત્રો તૈયાર થયાં.
૧. પૂર્વમીમાંસ- જૈમિનિમુનિ ૨.ઉત્તરમીમાંસા વેદ વ્યાસે(બાદરાયનવ્યાસ)

ચાર્વાક દર્શનમાં માનતા લોકો ભૌતિકવાદમાં એટલે ભોગ વિલાસને જ ધર્મ માને છે. આત્માને સ્વતંત્ર તત્ત્વ તરીકે સ્વીકારતા જ નથી. ચાર્વાકના

મત પ્રમાણે ઈશ્વર, પરલોક વગેરે ફક્ત કલ્પનાઓ છે. તેઓ પ્રત્યક્ષને જ પ્રમાણ તરીકે સ્વીકારે છે. તેઓ માને છે કે પૃથ્વી અને બીજા ભૂતોનું અમુક રીતે સંમિશ્રણ થવાથી તે ભૂતોમાંથી ચેતનાનો આવિર્ભાવ થાય છે.

**શ્રીમદ્ ભગવદ્ગીતા :**

અત્યારે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર(ઉત્તરમીમાંસા) અને ભગવદ્ગીતાને હિંદુધર્મના પાયારૂપ શાસ્ત્રો(પ્રસ્થાનત્રયી) ગણવામાં આવે છે. વેદ વ્યાસે ભગવદ્ગીતામાં ઉપનિષદોનો સાર કુશળતાપૂર્વક સમજાવ્યો. ગીતામાં સાંખ્ય અને યોગદર્શનનો વિશેષ ઉપયોગ કર્યો છે. માનવ જીવનમાં હરરોજ દુર્ગુણો-સદ્ગુણોરૂપી મહાભારતનું યુદ્ધ થાય છે. સંજોગો અનુસાર મોહને વશ થઈ અધર્મને સ્વીકારીએ છીએ જે યોગ્ય નથી. શ્રીકૃષ્ણ અર્જુનનો મોહ દૂર કરવા, જ્ઞાનયોગ, ધ્યાનયોગ કે રાજયોગ, કર્મયોગ અને ભક્તિયોગ વિશે જ્ઞાન આપે છે. વાસ્તવમાં બધા માર્ગો છેલ્લે એક જ જગ્યાએ મળે છે. દરેક માર્ગમાં શ્રદ્ધા પ્રાણતત્ત્વ છે અને કર્મ, ધ્યાન, ચિંતન અને જ્ઞાનનો સમન્વય આવે છે. કોઈ પણ માર્ગ એકબીજાથી સંપૂર્ણપણે સ્વતંત્ર નથી. આ બધા માર્ગો એકબીજાનાં પૂરક છે અને અંતિમ ધ્યેય મોક્ષ એટલે ઈશ્વરસ્વરૂપ બનવાનો છે.

**જૈન ધર્મ :**

મહાવીર સ્વામી ૨૬૦૦ વર્ષ પૂર્વે થઈ ગયા. જૈનો વેદમાં અને ઈશ્વરમાં માનતા નથી. મહાવીર સ્વામીએ ઊંચનીચના ભેદભાવો દૂર કર્યા. આચારમાં અહિંસા આપી, વિચારમાં અનેકાંત આપ્યો, વાણીમાં સ્યાદ્વાદ કહ્યો અને સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. જૈન ધર્મ ઉદાર મતવાદી છે અને સંસારના પ્રત્યેક ધર્મને સાપેક્ષ સત્યવાળા માને છે. જગત જીવ અને અજીવનું બનેલું છે અને અનાદિ છે. આ શ્રમણ માર્ગ છે. જીવાત્મા અને કર્મના બંધનો કર્મોથી જ થાય છે. કર્મના પુદ્ગલ જીવાત્માને ઘેરી લે છે. આ પુદ્ગલોના બંધનો સૂક્ષ્મ કર્મરૂપી શરીર બનાવે છે, જે સ્થૂળ દેહના નાશ પછી પણ જીવાત્મા સાથે બંધાયેલો રહે છે, જે પુનર્જન્મ નિશ્ચિત કરે છે. જૈન મત પ્રમાણે સંયમથી નવા કર્મોના બંધનોથી દૂર રહી ભૂતકાળના કર્મોને દૂર કરવાથી પુનર્જન્મનો અંત આવે છે. જ્યારે કર્મના બંધનોથી મુક્ત થાય છે, ત્યારે આત્મા દિવ્ય બને છે, જ્ઞાન પ્રકાશથી પરિપૂર્ણ થાય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ વગેરે આત્માનો મૂળ સ્વભાવ છે તે પ્રગટ થાય છે.


**બૌદ્ધ ધર્મ :**

ગૌતમ બુદ્ધ ૨૫૬૦ વર્ષ પૂર્વે થયા. બોધિવૃક્ષ નીચે ભગવાન બુદ્ધને જગતના ચાર મહાન સત્યોનો સ્ફુરણાત્મક રીતે અનુભૂતિ થઈ.

૧. દુઃખ છે.
૨. દુઃખનું કારણ છે.
૩. દુઃખમાંથી છૂટી શકાય તેમ છે.
૪. દુઃખનો નાશ કરવાનો ઉપાય છે, જેથી મોક્ષ કે નિર્વાણ પ્રાપ્ત થાય છે.

બુદ્ધ માને છે કે જગતની વસ્તુઓનું અસ્તિત્વ સાપેક્ષ છે. નિરપેક્ષ, સ્વતંત્ર કશું જ નથી. નિરપેક્ષ એટલે શૂન્યતા. બુદ્ધ માનતા હતા કે સંસારમાં બધું ક્ષણિક અને અનિત્ય છે. બુદ્ધ ઈશ્વર કે આત્માના અસ્તિત્વની ચર્ચામાં પડવા માંગતા ન હતા. માનસિક-શારીરિક વૃત્તિઓના સમૂહને આત્મા કહે છે, જે નિત્ય નથી, પણ નિરંતર પ્રવાહમાં હોય છે એટલે એ 'તરલ-આત્મા' કહેવાય છે. બુદ્ધનું માનવું હતું કે સર્વ મનુષ્ય જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ, ઈત્યાદિ દુઃખથી ઘેરાયેલા છે. દુઃખનું મૂળ તૃષ્ણા છે. માટે તાત્ત્વિક વિવાદમાં પડવા કરતાં દુઃખ-મુક્તિનો માર્ગ શોધવો જ યોગ્ય અને જરૂરી છે. બુદ્ધની દૃષ્ટિએ 'જગત શાશ્વત છે કે અશાશ્વત? શરીર અને આત્મા એક છે કે ભિન્ન છે?' વગેરે સવાલોના વાદવિવાદથી ધાર્મિક આચરણમાં ફેર પડતો નથી કે વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી, પાપનો નિરોધ થતો નથી; શાંતિ, જ્ઞાન અને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. બુદ્ધના ઉપદેશનો સાર એ છે કે, દુઃખમય જગતમાં શાશ્વત સુખનો કે દુઃખ-મુક્તિનો માર્ગ અંતર-કરુણા, દયા, પ્રેમ, અહિંસા, મૈત્રી એ જ છે. ક્રોધની સામે ક્રોધ, વેરની સામે વેર, હિંસાની સામે હિંસાથી દુઃખ વધે જ છે, કોઈ કાળે ઘટે નહીં.

તમામ દર્શનશાસ્ત્રોમાં કેટલાંક તફાવત રહેલાં હોવા છતાં કેટલાંક મૂળભૂત લક્ષણો કે તત્ત્વો સરખા રહેલાં છે. કેટલાક વિચારકો માને છે કે હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મો એ જુદા, સ્વતંત્ર કે વિરોધી ધર્મો હોવાને બદલે વાસ્તવિક રીતે એક જ ધર્મની ત્રણ બાજુઓ છે. કેટલાક દાર્શનિક સિદ્ધાંતોમાં ભલે દેખીતો ભેદ કે વિરોધ હોય, પરંતુ નૈતિક સિદ્ધાંતોમાં અને આધ્યાત્મિક ઉન્નતિ સંપાદન કરવાના આચારમાં તત્ત્વતઃ ઘણી એકતા છે. મોટાભાગનો વિરોધ તત્ત્વની અમુક બાજુઓ ઉપર ભાર મૂકવા પૂરતો જ દેખાય છે. એટલે કેટલાક વિચારકો માને છે કે બૌદ્ધ ધર્મ શ્રવણ કરવા યોગ્ય છે, જૈન ધર્મનું ચરિત્ર સેવવા યોગ્ય છે, વેદ ધર્મ વ્યવહારમાં પાલન કરવા યોગ્ય છે, પરમ શિવ પરમેશ્વર જે જ્ઞાન અને ત્યાગની મૂર્તિ છે, તે ધ્યાન કરવા યોગ્ય છે. બધાં દર્શનશાસ્ત્રો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આત્માના મોક્ષ, નિર્વાણ માટે છે.



धियो यो नः प्रचोदयात्।

અમારી બુદ્ધિને (અંતરાત્માને)

સન્માર્ગે દોરો.

ISBN 978-935996177-4

Rs. 200/-